## APPENDIX NO:16

પગલું - ૧.

૧ કક્ષા

નમ.

કનક, નમ.

નમન કર,

કનક, નમન કર,

મકન, નમન કર.

૨ કક્ષા. પાઠ-૨. આંગણામાં ઝાડ

અમારા આંગણામાં એક લીમડો છે. શી એની ઘટા . કેવો એનો છાંયો ! અમે તો લીમડા નીચે જ રમીએ છીએ. દાદાનો ખાટલો પણ ત્યાં જ રહે છે. બા વાછડાને તેને છાયે જ બાંધે છે. લીમડો અમારો વિસામો છે.

૩ કક્ષા. પાઠ -૧ દૂધમાં સાકર

સંજાણ બંદરે દરિયામાં દૂરથી આવતા એક વહાણ તરફ કેટલાક લોકો જોઈ રહયા છે. ''કોઈ વેપારીનું તો વહાણ આવવાનું છે નહિ, તો પછી આ કોનુ વહાણ હશે ? ''

૪ કક્ષા. પાઠ -૨ સાચાબોલાં હરણાં

એક મોટું વન હતું. એમાં એક સરોવર હતું. સરોવરના કાંઠે એક મોટું ઘટાદાર ઝાડ હતું. મોડી સાંજે એક વિકરાળ પારધી ત્યાં આવીને થોભ્યો. વહેલી સવારથી તે શિકારની શોધમાં ફરતો હતો. એને થયું કે રાતે સરોવરમાં પાણી પીવા જરુર કોઈ જનાવર આવશે.

.....૨/

## વાડીમાંનો ખજાનો.

કક્ષા ૫.

એક હતો ... એને એક મજાની વાડી હતી. એમાં મજાનાં ફળ થતાં. આખું જીવન એણે વાડીની દેખભાળમાં હતું. એને બે દીકરા હતા. બેઉ કે લૈયા કુંવર જેવા - ફૂલફૂલાક થઈને ફરવાનું એમને ખૂબ ગમે. કામ કરવાની બાધા ખેડુ કહી કહીને થાકી ગયેલો પણ બેઉએ પોતાની રીતભાત બદલેલી નહિ.

કક્ષા ૬.

## મહેનતનો રોટલો .

કાશી નગરીમાં એક મોચી રહેતો હતો. તે બહુ પ્રમાણિક હતો, સંતોષી પણ એટલો જ. એકવાર એક સાધુ આવી મોચીને પૂછવા લાગ્યો,'' **મોચી ભગત ' મારા પગનાં પગરખાનું શું પડે ?''**

**મોચીએ કહ્યું - ''મારી પાસે સીવેલા તૈયાર નથી, મહારાજ ''**

**સાધુ કહે - ''સીવી દો તો શું લો ?**

**મોચીએ કહ્યું - ''દોઢ રુપિયો''**

કક્ષા ૭.

## ભગવાન બુધ્ધ અને રાજા પ્રસેનજિત

કોસલરાજ પ્રસેનજિત બુધ્ધ ભગવાનનો ભકત હતો. જયારે બુધ્ધ ભગવાન તેની રાજધાની માં આવતા ત્યારે તે નગર બહાર જેતપવનમાં ઉતરતા પ્રસેનજિત રાજા રોજ ત્યાં તેમનાં દર્શને જતો અને ઉપદેશ સાંભળતો.